પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૩૩૪ | ૧૬ ફેબ્રુઆરી, ૨૦૨૨, બુધવાર; મહા સુદ - ૧૫ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રશિયાની યુક્રેનની ત્રણ બાજુથી ઘેરાબંધી

## નવી સેટેલાઈટ તસવીરો સામે આવી : યુક્રેનની સરહદ પર હથિયારો તૈનાત

મોસ્કો,તા.૧૫

રશિયાએ યુક્રેનની ત્રણ બાજુથી ઘેરબંધી કરી છે. નવી સેટેલાઈટ તસવીરોમાં દેખાઈ રહ્યુ છે કે, રશિયાએ કઈ હદ સુધી વિનાશક શસ્ત્રો યુક્રેનની સીમા પર તૈનાત કરી દીધા છે.

૪૮ કલાકમાં યુક્રેન સરહદે લશ્કરી હિલચાલ વધી ગઈ છે.એવુ કહેવાઈ રહ્યુ છે કે કોઈ ચેતવણી આપ્યા વગર ગમે તે સમયે રશિયા યુક્રેન પર હુમલો કરી શકે છે. રશિયાએ મોટાભાગે યુક્રેનની ઉત્તર તેમજ ઉત્તર પૂર્વ સીમા પર પોતાની સેનાની શક્તિ વધારી છે.જેમાં એક મોટા એરબેઝનો પણ સમાવેશ થાય છે.ક્રિમિયાના આ એરબેઝ પર રશિયાએ ૨૦૧૪માં કબ્જો જમાવી લીધો હતો.એક અનુમાન એવુ છે કે, કુલ મળીને ૧.૩૦ લાખ રશિયન સૈનિકો યુક્રેનની સીમાને ઘેરીને ઉભા છે.

રશિયન એરફોર્સના લડાકુ વિમાનો સતત બોર્ડર વિસ્તારમાં ઉડાન ભરી રહ્યા છે.રશિયાએ પોતાની એસ-૪૦૦ એર ડિફેન્સ સિસ્ટમ પણ અહીંયા તૈનાત કરી દીધી છે. મીડિયા રિપોર્ટ પ્રમાણે રશિયા આવનારા દિવસમાં બ્લેક સી અને અજોવ સીમાં નૌસેના અભ્યાસ શરુ કરી શકે છે.જેને પશ્ચિમના નિષ્ણાતો યુધ્ધની તૈયારીઓ તરીકે જોઈ રહ્યા છે. રશિયાએ બેલારુસમાં પણ પોતાની સેના મોકલી આપી છે.જ્યાં તે યુધ્ધાભ્યાસ કરી રહી છે.નિષ્ણાતોનુ કહેવુ છે કે, યુક્રેનની ઉત્તરી સીમા પરથી હુમલો કરવા માટે રશિયાએ આ સેના મોકલી છે અને યુધ્ધાભ્યાસ તો ખાલી બહાનુ છે.

## યુધ્ધની સંભાવનાથી ભારતીય અર્થતંત્રને ખૂબ જ નુકસાન

### ભારત અને યુક્રેન વચ્ચે ૨.૬૯ અબજ ડોલરનો વેપાર છે

નવી દિલ્હી,તા.૧૫

રશિયા અને યુક્રેન વચ્ચે છેલ્લા કેટલાક દિવસોથી યુધ્ધ ફાટી નીકળે તે પ્રકારનો તનાવ સર્જાયો છે અને દુનિયા પર ત્રીજા વિશ્વ યુધ્ધનો ખતરો મંડરાઈ રહ્યો છે. આ બંને દેશો વચ્ચેના તનાવની અસર ભારત પર પણ થઈ રહી છે.ભારતની ઈકોનોમીને તેનાથી નુકસાન થવાની શશક્યતા છે.ભારત અને યુક્રેન વચ્ચે ૨.૬૯ અબજ ડોલરનો વેપાર છે.જેમાં યુક્રેને ભારતને ૧.૯૭ અબજ ડોલરના સામાનની નિકાસ કરી હતી અને ભારતે યુક્રેનને ૭૨૧ મિલિયન ડોલરનો સામાન ૨૦૨૦માં મોકલ્યો હતો.ભારત યુક્રેનમાંથી ખાદ્ય તેલ તેમજ ન્યુક્લિયર રિએક્ટરની મશિનરી મંગાવે છે અને યુક્રેન ભારત પાસેથી દવાઓ તેમજ ઈલેક્ટ્રિકલ મશિનરી ખરીદે છે.ભારતે ૨૦૨૦ માં યુક્રેન પાસેથી ૧.૪૫ અબજ ડોલરના ખાવાના તેલની ખરીદી કરી હતી.આ જ રીતે ૨૧૦ મિલિયન ડોલરનુ ખાતર અને ૧૦૩ મિલિયન ડોલરના ન્યુક્લિયર રિએક્ટરના પાર્ટસ મંગાવ્યા હતા.જો યુક્રેનથી થતા સપ્લાયમાં રુકાવટ આવે તો ન્યુક્લીયર એનર્જી પર ભારતનુ કામ ધીમુ થઈ શકે છે.બીજી તરફ યુધ્ધ થાય તેવા સંજોગોમાં ભારતને આર્થિક પડકારોનો સામનો કરવો પડી શકે છે.રશિયા પાસેથી પણ ભારત ક્રુડ ઓઈલ મંગાવે છે.સાથે સાથે યુધ્ધ થાય તો ઘરઆંગણે મોઘવારી પણ વધશે.




## યુક્રેન સ્થિત ભારતીયોને ઝડપથી દેશ છોડી દેવાની સુચના અપાઈ

### યુક્રેન-રશિયાના તણાવ વચ્ચે સાવચેતીનું પગલું

નવી દિલ્હી,તા.૧૫

યુક્રેન-રશિયા વચ્ચેના તણાવ વચ્ચે યુક્રેનની રાજધાની કિએવમાં સ્થિત ભારતીય દૂતાવાસે યુક્રેનમાં રહેતા ભારતીયો, ખાસ કરીને વિદ્યાર્થીઓને અસ્થાયી રીતે યુક્રેન છોડવાની સલાહ આપી છે. દૂતાવાસ તરફથી જારી પત્રમાં કહેવાયું છે કે યુક્રેનની હાલની અનિશ્ચિતતાઓને જોતા ભારત સરકાર પોતાના તમામ નાગરિકોને ખાસ કરીને વિદ્યાર્થીઓને યુક્રેન છોડી દેશમાં પાછા ફરવાની સલાહ આપે છે. આ સાથે જ કહેવાયું છે કે યુક્રેનની અંદર રહેતા ભારતીય નાગરિકો કોઈ પણ કામ વગર બહાર ન જાય અને જરૂરી ન હોય તો યુક્રેનનો પ્રવાસ ન કરે. યુક્રેનમાં સ્થિત ભારતીય દૂતાવાસે તમામ ભારતીય નાગરિકોને અપીલ કરી છે કે તેઓ પોતાની હાજરી અંગે દૂતાવાસને જાણકારી આપતા રહે જેથી કરીને જરૂર પડ્યે તેમના સુધી મદદ પહોંચાડી શકાય. આ પત્રના અંતમાં કહેવાયું છે કે ભારતીય દૂતાવાસ યુક્રેનમાં પોતાનું સામાન્ય કામકાજ ચાલુ રાખશે જેથી કરીને યુક્રેનમાં રહેલા ભારતીય નાગરિકોને સેવાઓ આપવાનું ચાલુ રાખી શકાય. આ અગાઉ ગત મહિને જાન્યુઆરીમાં યુક્રેનમાં રહેલા ભારતીય દૂતાવાસે એક ફોર્મ પણ જારી કર્યું હતું. આ ફોર્મમાં ૩૧ જાન્યુઆરી સુધીમાં તમામ ભારતીય નાગરિકોને પોતાની જાણકારી આ ફોર્મમાં ભરવાની અપીલ કરી હતી. જેથી કરીને જેમ બને તેમ જલદી ભારતીયો સુધી જરૂરી સૂચના અને મદદ પહોંચાડી શકાય.

## ઊછાળો : સેન્સેક્સમાં ૧૭૩૬ અને નિફ્ટીમાં ૪૫૫ પોઈન્ટ

### બે દિવસના ઘટાડા બાદ બજારમાં જોરદાર રિકવરી

નવી દિલ્હી,તા.૧૫

ભારતીય શેરબજાર સોમવારે જેટલું ઘટ્યું હતું તેટલા જ પ્રમાણમાં મંગળવારે વધ્યું છે અને આ રીતે બધો જ ઘટાડો સરભર કરી લીધો છે. રશિયા-યુક્રેન કટોકટીના કારણે ક્રૂડનો સપ્લાય ખોરવાશે તેવા ભયથી સોમવારે બજાર ૧૭૪૭ પોઈન્ટ તૂટ્યું હતું. પરંતુ મંગળવારે ઓઈલના ભાવની ચિંતા હળવી થતા જ બજારમાં સીધો ૧૭૩૬ પોઈન્ટનો ઉછાળો આવ્યો હતો. સેન્સેક્સના આ જબ્બરજસ્ત ઉછાળા માટે રશિયન સરકારની એક જાહેરાત જવાબદાર છે. રશિયાના વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે યુક્રેન સાથે કરાર કરવાના સંકેત આપતા જ બજારનું સેન્ટીમેન્ટ સુધર્યું હતું.

જિયોજિત ફાઈનાન્શિયલ સર્વિસિસના ચીફ ઈન્વેસ્ટમેન્ટ સ્ટ્રેટેજિસ્ટ વી કે વિજયકુમારે કહ્યું કે, યુક્રેન કટોકટીનો ડિપ્લોમેટિક ઉકેલ મળવો જોઈએ. બજારમાં સ્માર્ટ રિબાઈન્ડ આવશે. રશિયા યુક્રેન પર હુમલો કરશે તો યુએસની આગેવાની હેઠળ પશ્ચિમી દેશો રશિયા પર આક્રમક પ્રતિબંધો મુકશે. ક્રૂડ અને ગેસના ઊંચા ભાવથી ભારતીય અર્થતંત્ર પર માઠી અસર પડશે.

સેન્સેક્સના તમામ ૩૦ શેર ગ્રીન ઝોનમાં બંધ રહ્યા હતા જેમાં બજાજ ફાઈનાન્સ સૌથી વધુ ૫.૧૩ ટકા, એસબીઆઈ ૪.૫૫ ટકા, બજાજ ફિનસર્વ ૪.૧૧, એલ એન્ડ ટી (એલએન્ડટી) ૪.૦૨ ટકા અને વિપ્રો ૪ ટકા વધ્યો હતો.

યસ સિક્યોરિટીઝના અમર અંબાણીએ જણાવ્યું કે નિફ્ટી ૫૦ ઓક્ટોબરથી કોન્સોલિડેશન થઈ રહ્યું છે. છેલ્લા ૩૦ દિવસમાં ભારતીય શેરબજારમાં જે ઘટાડો થયો છે તેને જોતા લાગે છે કે હાલના સ્તરે તેમાં વધુ કરેક્શન આવી શકે.


અંબાણીએ કહ્યું કે પહેલેથી જ ફેબ્રુઆરી મહિનો વોલેટાઈલ રહે છે. ખાસ કરીને બજેટ પછી વોલેટિલિટી વધી છે. નિફ્ટી ફરીથી ઘટીને ૧૫૮૦૦ સુધી જઈ શકે છે. જોકે, ભારતીય સ્ટોક માર્કેટનું લાંબા ગાળાનું સ્ટ્રક્ચર મજબૂત છે. અમે ૨૦૨૨ માટે બુલિશ છીએ. હાલમાં દરેક ઘટાડે ક્વોલિટી શેર્સ ખરીદવા પર ધ્યાન આપવું જોઈએ.

બીએસઈ સેન્સેક્સ ૧૬૦૦ અંકોની આસપાસના ઉછાળે ૫૮,૦૦૦ નજીક ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી ૫૦ ઈન્ડેક્સ પણ ૪૫૫ અંકોના બમ્પર ઉછાળે ૧૭,૩૦૦ના લેવલે ટ્રેડ કરી રહ્યો છે. નિફ્ટી બેંક ઈન્ડેકસમાં ૩%, ૧૧૦૦ અંકોના ઉછાળે ૩૮,૦૦૦ના સ્તરે કામકાજ કરી રહ્યું છે. બ્રોડર માર્કેટમાં બીએસઈ મિડકેપ ઈન્ડેકસ ૧.૯% અને સ્મોલકેપ ઈન્ડેકસ ૧.૨૮% ઉછળ્યાં છે.

## શિવસેનાના સાંસદને ચેક બાઉન્સ કેસમાં ૧ વર્ષની કેદ

મુંબઈ,તા.૧૫

મહારાષ્ટ્રના પાલઘરની એક કોર્ટે સોમવારે શિવસેનાના સાંસદ રાજેન્દ્ર ગાવિતને ચેક બાઉન્સના એક મામલે દોષી ઠેરવ્યા બાદ એક વર્ષની કેદની સજા સંભળાવી. સાથે જ, વળતર તરીકે ૧.૭૫ કરોડ રૂપિયાનો દંડ પણ કર્યો છે. પાલઘરમાં જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કોર્ટ વી પી ખંડારેની કોર્ટે આદેશ પર અમલ એક મહિના માટે રોકી



દીધો, જેથી ગાવિત એપીલેટ કોર્ટમાં એક અપીલ કરી શકે. ન્યાયધીશે આદેશમાં કહ્યું કે, 'વળતરની રકમ મોટી છે, એટલે મારા વિચારથી તેની ચૂકવણી માટે સમય આપી શકાય છે. આ રીતે, બંને પક્ષોના વકીલોની દલીલ પર વિચાર કર્યા પછી, હું બંને અરજીને સ્વીકાર કરવા ઈચ્છુક છું અને અપીલેટ કોર્ટમાંથી યોગ્ય આદેશ મેળવવા માટે ૩૦ દિવસનો સમય આપું છું.' જોકે ફરિયાદીના વકીલે કહ્યું કે, તેઓ આ આદેશ સામે રિવિઝન અરજી કરશે.

આદેશમાં કહેવાયું છે કે, દોષિતને ૧૫,૦૦૦ રૂપિયાના બોન્ડ અને એટલી જ રકમના જામીન પર મુક્ત કરવામાં આવે. તેમને એક વર્ષની કેદની સજા સંભળાવાય છે અને ૧,૭૫,૦૦૦ રૂપિયા વળતર ચૂકવવાનો નિર્દેશ આપવામાં આવે છે.

ફરિયાદ પક્ષના વકીલ સુધિર ગુપ્તા મુજબ, આ મામલો પાલઘરના સાઈ નગરમાં દોઢ એકર જમીનને લઈને ગાવિત અને ડેવલપર ચિરાગ બાફનાની વચ્ચે વિવાદ સાથે સંબંધિત છે, જે અંતર્ગત સાંસદ દ્વારા અપાયેલા દોઢ કરોડ રૂપિયાનો એક ચેક

● અનુસંધાન પાન-૭ પર

## ઘાસચાર કૌભાંડમાં પૂર્વ રેલમંત્રી લાલુ યાદવ દોષિત

### ૧૮ ફેબ્રુ.એ સજા ફટકારાશે : સીબીઆઈની સ્પેશ્યલ કોર્ટ દ્વારા લાલુ સહિત ૭૫ લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા

નવી દિલ્હી, તા.૧૫

ભારતના ઈતિહાસના સૌથી ચર્ચિત કૌભાંડમાંથી એક ઘાસચારા કૌભાંડમાં પૂર્વ રેલવેમંત્રી



લાલુ યાદવને આજે દોષિત ઠેરવવામાં આવ્યા છે.

સીબીઆઈની સ્પેશ્યલ કોર્ટે પૂર્વ આરએલડી પ્રમુખ લાલુ યાદવને આ કેસમાં દોષિત ઠેરવ્યા છે. ઘાસચારા કૌભાંડનો આ સૌથી છેલ્લો કેસ હતો જેમાં આજે લાલુ સહિત ૭૫ લોકોને દોષિત ઠેરવવામાં આવ્યા છે.

ડોરંડા ટ્રેઝરી ૧૮મી ફેબ્રુઆરીના રોજ સીબીઆઈની વિશેષ કોર્ટ તમામ આરોપીઓને સજા સંભળાવશે.

આ કેસના અન્ય અગ્રણી આરોપીઓમાં ભૂતપૂર્વ સાંસદ જગદીશ શર્મા, ડૉ. આર.કે. રાણા, બિહારના તત્કાલીન પશુપાલન સચિવ બેક જુલિયસ અને પશુપાલન વિભાગના સહાયક નિયામક કેએમ પ્રસાદનો સમાવેશ થાય છે. આ કેસની સુનાવણી દરમિયાન સીબીઆઈની સ્પેશિયલ કોર્ટમાં ફરિયાદ પક્ષ તરફથી કુલ ૫૭૫ લોકોએ જુબાની આપી હતી, જ્યારે બચાવ પક્ષ તરફથી ૨૫ સાક્ષીઓ રજૂ કરવામાં આવ્યા હતા.

તમને જણાવી દઈએ કે લાલુ પ્રસાદ યાદવને ઝારખંડમાં ચારા કૌભાંડના કુલ પાંચ કેસમાં આરોપી બનાવવામાં આવ્યા હતા. ચાર મામલામાં ચુકાદો આપવામાં આવી ચુક્યો છે અને આ તમામ કેસમાં કોર્ટે તેમને દોષિત ઠેરવી સજા સંભળાવી છે.

## સંસદ ટીવીની યૂટ્યુબ ચેનલ હેક

નવી દિલ્હી,તા.૧૫

યુટ્યૂબ પર સંસદ ટીવીના એકાઉન્ટને કથિત રીતે યુટ્યૂબના દિશા નિર્દેશોના ભંગના પગલે બંધ કરી દેવાયું છે. યુટ્યૂબની આ ચેનલ પર લોકસભા અને રાજ્યસભાની કાર્યવાહીનું સીધુ પ્રસારણ થાય છે. સંસદ ટીવીએ જાણકારી આપી કે તેમની યુટ્યૂબ ટેનલ હેક થઈ હતી.

સંસદ ટીવીએ પોતાના અધિકૃત નિવેદનમાં કહ્યું કે ૧૫ ફેબ્રુઆરીના રોજ સંસદ ટીવીની યુટ્યુબ ચેનલને હેક કરવામાં આવી હતી. યુટ્યુબ સુરક્ષા જોખમની સમસ્યાનું સમાધાન કરી રહ્યું છે.

સંસદ ટીવીના યુટ્યૂબ એકાઉન્ટને હેક કરીને તેનું નામ બદલી નાખી એથેરિયમ રાખી દેવામાં આવ્યું હતું. જે એક ક્રિપ્ટો મુદ્રા છે. અધિકારીઓનું કહેવું છે કે ગૂગલ સામે આ મુદ્દાને ઉઠાવવામાં આવ્યો છે. એક અધિકારીએ કહ્યું કે હેકિંગ જેવું કઈક થયું છે. તેમણે કહ્યું કે ગૂગલને ફરિયાદ કરવામાં આવી છે અને આગળ તેઓ તેને જોઈ રહ્યા છે.

## ભારતમાં કોરોના એન્ડેમિક તબક્કામાં

નવી દિલ્હી,તા.૧૫

ભારતમાં સતત કોરોનાના નવા કેસ સામે આવી રહ્યા છે. તો બીજી તરફ મૃત્યુઆંકમાં પણ ઘટાડો થયો છે. સંક્રમણ દર પણ નીચા સ્તરે રહે છે. એવામાં જાણીતા વાઈરોલોજિસ્ટ ટી જેકબ જોને કહ્યું છે કે જો ભારતમાં કોવિડ -૧૯ ના દૈનિક કેસોની સંખ્યા ૪ અઠવાડિયા સુધી ઓછી અને સ્થિર રહે તો જ તે માની શકાય કે કોરોના વાયરસ સંક્રમણ 'એન્ડેમિક' છે (સ્થાનિક સ્તર પર ફેલાનારી બિમારી) ના તબક્કામાં પ્રવેશી રહ્યો છે.

જ્હોને કહ્યું કે જ્યારે સમુદાયમાં કેસોની સંખ્યા એક ગ્રાફ પર બતાવવામાં આવે છે, ત્યારે કેસોની સંખ્યામાં વધારો, ટોચ પર પહોંચવાની અને ઘટવાની સિસ્ટમને મહામારી

### કોરોનાના નવા કેસમાં ઘટાટો, મૃત્યુઆંક પણ ઘટ્યો : વાઈરોલોજિસ્ટ ટી જેકબ જોને કહ્યું કે જો ભારતમાં કોવિડનાં દૈનિક કેસોની સંખ્યા ૪ અઠવાડિયા સુધી ઓછી અને સ્થિર રહે તો એન્ડેમિક કહી શકાય

(એપિડેમિક) કહેવામાં આવે છે અને કેસોની સંખ્યાની આડી અને સ્થિર સ્થિતિને એન્ડેમિક કહેવામાં આવે છે. જ્યારે મહામારીની સિસ્ટમ ફરીથી રચાય છે, ત્યારે તેને લહેર કહેવામાં આવે છે.તેમણે કહ્યું કે એટલા માટે જ્યાં સુધી કેસની સંખ્યા ૪ અઠવાડિયા સુધી થોડી વધઘટ સાથે ઓછી અને સ્થિર રહે ત્યાં સુધી, અમે તેને સ્થાનિક તરીકે જાહેર કરી શકીએ નહીં. જ્હોને કહ્યું કે ઓમિક્રોન લહેર ઝડપથી નબળું પડી રહી છે અને થોડા દિવસોમાં અમે ઓછામાં ઓછા કેસ નોંધી શકીએ છીએ, પરંતુ અમે એન્ડેમિક તબક્કા વિશે ખાતરી કરી શકીએ તે પહેલાં આપણે ૪ અઠવાડિયા રાહ જોવી પડશે. જ્હોને કહ્યું કે જેમ ઓમિક્રોન આપણને આશ્ચર્યચકિત કરી દીધા, તેમ અન્ય એક વિચિત્ર સ્વરૂપ આપણને ફરીથી આશ્ચર્યચકિત કરી શકે છે.તો બીજી તરફ સેન્ટર ઑફ એડવાન્સ્ડ રિસર્ચ ઈન વાઈરોલોજી, ઈન્ડિયન કાઉન્સિલ ઑફ મેડિકલ રિસર્ચના ભૂતપૂર્વ ડિરેક્ટરે કહ્યું કે તેની આગાહી કરી શકાતી નથી, પરંતુ માત્ર અંદાજ લગાવી શકાય છે. તેમણે આગાહી કરી હતી કે સ્થાનિક તબક્કો ઘણા મહિનાઓ સુધી ચાલશે અને ઓમિક્રોન કરતાં વધુ ચેપી અને ડેલ્ટા કરતાં વધુ ખતરનાક કોઈ બીજું સ્વરૂપ સામે આવશે.

મહામારી વિશેષજ્ઞ અને દિલ્હી સ્થિત ફાઉન્ડેશન ફોર પીપલ-સેન્ટ્રિક હેલ્થ સિસ્ટમ્સના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ડૉ. ચંદ્રકાંત લહરિયાએ જણાવ્યું હતું કે કોવિડ-૧૯ ભારતમાં સ્થાનિક તબક્કામાં પ્રવેશી રહ્યું છે કે નહીં, સામાન્ય જનતાના દૃષ્ટિકોણથી તેની સુસંગતતા મર્યાદિત છે. લહરિયાએ કહ્યું કે લોકોએ જોખમના સ્તરના આધારે વાયરસ સાથે જીવવાની નવી રીતો સાથે પોતાને અનુકૂળ બનાવવું પડશે. કોવિડ-૧૯ને કારણે કંઈ અટકવું જોઈએ નહીં.

સેલ... સેલ... સેલ...
દુનિયામાં ક્યાંય મળે નહીં તે ભાવે......
ગોલ્ડ પ્લેટેડ ડાયમંડ, બંગડી, મંગળસુત્ર, બુટ્ટી, પેન્ડલ, ચેન જેવી વેરાયટીઓનો ખજાનો....
ફક્ત રૂા. 99/- માંજ
SINCE - 1990
મિનાક્ષી જ્વેલર્સ
M. 94263 85263 ◆ 94087 77566
સુરભી કોમ્પલેક્ષ, ઘ-૫ સર્કલ પાસે, સેક્ટર-૨૨, ગાંધીનગર

પાટનગરનું પોતાનું અખબાર
ગાંધીનગર સમાચાર
આપની આસપાસના
● પર્વો-પ્રસંગોની ઉજવણીના ખબર ●
● ઘટના-દુર્ઘટનાના સમાચાર - ફોટોગ્રાફ્સ ●
● શાળા-કોલેજમાં થતી ઉજવણી - પ્રવૃત્તિઓના સમાચાર ●
આપના પોતાના અખબારમાં પ્રસિદ્ધિ માટે તાત્કાલિક મોકલવા વિનંતી
અમને વોટ્સએપ અથવા ઈ-મેઈલ કરો
વોટ્સએપ નંબર : 8758512466
E-mail : gandhinagarsamachar@gmail.com
ગાંધીનગર સમાચાર
૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર.
ફોન : ૨૩૨ ૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧
નોંધ : જન્મદિવસનો ફોટોગ્રાફ અને વિગત અગાઉના દિવસે બે વાગ્યા પહેલા ફક્ત E-mail પર જ મોકલવા વિનંતી.